## સંક્ષિપ્ત સમાચાર

### ધરોદમાં દારૂનું વેચાણ બંધ કરાવવા આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૧૩

ગુજરાત ઠાકોર સેના દ્વારા વ્યસન મુક્તિના અભિયાનને યુવાનોએ ઉપાડી લીધુ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ તે સંદર્ભે ઠાકોર સેનાએ કેટલાક ઠેકાણે જનતા રેડ પાડીને દેશી દારૂનું વેચાણ હાલના તબક્કે બંધ કરાવી દીધું છે. ત્યારે ગુરૂવારે વડાલી તાલુકાના ધરોદ ગામના ઠાકોર સેનાના યુવાનોએ ગામમાં વેચાતા દારૂને બંધ કરવા માટે વડાલીના પી.એસ.આઈ.ને આવેદનપત્ર આપીને ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### હિંમતનગરમાંથી ૬૪ હજારના મુદ્દામાલ સાથેનું બાઈક ગઠીયો ઉઠાવી ગયો

હિંમતનગરના મહાવીરનગરમાં ગાયત્રી મંદિર રોડ પર આવેલા એક જૈન દેરાસર આગળ દર્શનાર્થે ઉભેલા મહાવીરનગરના એક વેપારીનું ગુરૂવારે સવારે રૂ. ૨૫ હજારની રોકડ અને રૂ. ૧૯ હજારની રિચાર્જ કુપનો તેમજ મોબાઈલ ફોન ભરેલ થેલી સહિતનું બાઈક કોઈ ગઠીયો પલભરમાં જ ચોરી જતા દોડધામ મચી ગઈ હતી. વેપારીએ વાહન સાથે રૂ. ૬૪ હજારની માલમત્તા ચોરાવાની ઘટના અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે.

### ગાંભોઈ પંથકમાંથી દારૂના જથ્થા સાથે ત્રણ પકડાયા

ગાંભોઈ પોલીસે ગુરૂવારે રાત્રે અને શુક્રવારે બપોરના સુમારે રૂપાલ ત્રણ રસ્તા અને સુરજપુરા રેલવે ફાટક નજીકથી બે વાહનોમાં પાસ-પરમીટ વિના લઈ અવાતા રૂ. ૭૭,૪૦૦ની મત્તાના વિદેશી દારૂ સાથે રૂ. ૨.૬૫ લાખની કિંમતના બંને વાહનો સાથે ત્રણ શખ્સની અટકાયત કરી છે. પોલીસે વિદેશી દારૂની હેરાફેરીમાં ઝડપાયેલા ત્રણેય શખ્સ વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે. વિદેશી દારૂની હેરાફેરી પ્રકરણ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગાંભોઈ પોલીસે શુક્રવારે બપોરે રૂપાલ ત્રણ રસ્તા પર પેટ્રોલીંગ દરમિયાન આવતી મહીન્દ્રા મેક્ષ ગાડી નં. જીજે.૧૨.એઈ. ૨૫૯૨ને રોકી તલાશી લેતા વાહનમાંથી પાસ-પરમીટ વિનાનો રૂ. ૬૬,૪૦૦ની મત્તાનો વિદેશી દારૂ હાથ લાગ્યો હતો. પોલીસે રૂ. ૨.૫૦ લાખના વાહન સાથે બે શખ્સની અટકાયત કરી કુલ ૩,૧૬,૪૦૦નો મુદ્દામાલ કબજે લઈ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં બંને વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો દર્જ કરાવ્યો છે.

### રોધરા ગામેથી ડ્રીપ પાઈપ ચોરાઈ

ખેડબ્રહ્મા તાલુકાના રોધરા ગામે કોઈ ચોર ઈસમો પાઈપ ચોરી જવા અંગેની ફરિયાદ નોંધાવા પામી છે. ખેડબ્રહ્મા તાલુકાના રોધરા ગામના પટેલ નરસિંગભાઈ નારાભાઈએ ખેતરમાં ડ્રીપ ઈરીગેશન કરવા માટે પાઈપ લાવેલા હતા જે ખેતરમાં રાખવામાં આવી હતી. જે પાઈપોને ગુરૂવારે રાત્રે અજાણ્યા ઈસમો પાઈપોના રૂ. ૧.૫૩,૬૦૦ના ૪૮ બંડલની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે શુક્રવારે નરસિંગભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

# અરવલ્લી જિલ્લાને ચોરોએ ઘમરોળ્યો

## પોલીસતંત્રએ હથિયાર હેઠા મુક્યા જેવો માહોલ : ઉમેદપુરની દૂધ ઉત્પાદક મંડળીમાં તસ્કરોનો હાથ ફેરો : ૨.૧૨ લાખની લૂંટ કરી પલાયન : મંદિરને પણ નિશાન બનાવ્યુ



મડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં અને મુખ્યમથક મોડાસા શહેરમાં આજકાલ ચોર-લુંટારૂ ગેંગ અને તસ્કર ટોળકીએ તરખાટ મચાવી દીધો છે. જિલ્લા પોલીસતંત્રના ગાલ ઉપર ઉપરા ઉપરી તમાચા મારતા હોય તેમ તસ્કરોએ જિલ્લા પોલીસતંત્રના નાકે દમ લાવી દીધો છે. જિલ્લા પોલીસતંત્રએ જાણે ચોરો સામે હથિયાર હેઠા મુકી ઘુંટણ ટેકવી દીધા હોય તેમ મોડાસા શહેર અને સમગ્ર જિલ્લામાં ૧૫ દિવસની અંદર ઉપરાછાપરી દુકાનો તથા મકાનોમાં અને ઓફીસોમાં ચોરીની ઘટનાઓ થઈ રહી છે. પરંતુ પોલીસતંત્ર તસ્કર ટોળકી કે ચોર લુંટારૂ ગેંગને કે તેનું પગેરૂ શોધવામાં નાકામ દેખાઈ રહી છે. જિલ્લામાં ચોરીના બનાવોમાં એકાએક વધારો થતા જિલ્લા પોલીસતંત્રની છબી પ્રજાજનોમાં ઉણી ઉતરવાની સાથે નાગરીકો દ્વારા પોલીસતંત્રને હપ્તામાં જ રસ હોય તેવું અનુભવાઈ રહ્યુ છે. મોડાસા તાલુકાના ઉમેદપુર (જીવણપુર)ની દૂધ ઉત્પાદક મંડળીમાં તસ્કરોએ હાથફેરો કરી ૨.૧૨ લાખ રૂપિયાની લુંટ ચલાવી તદઉપરાંત ભગવાનનો ડર ના હોય તેમ સામે આવેલા અર્બુદામાતાના મંદિરની દાનપેટી તોડી લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

મોડાસા-શામળાજી રાજ્યધોરીમાર્ગ પર આવેલા ઉમેદપુર (જીવણપુર) ગામમાં શુક્રવારની રાત્રે તસ્કરોએ દૂધ ઉત્પાદક મંડળીના મકાન અને અર્બુદા માતાજીના મંદિરને નિશાન બનાવી ૨.૧૨ લાખ રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ટીંટોઈ પંથકમાં ભય ફેલાયો છે. શુક્રવારે રાત્રીના સમયે તસ્કરો ગામડાઓમાં સક્રિય થતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ઉમેદવુર ડેરીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલે ગ્રાહકોના પગારના નાણા ૨.૧૨ લાખ બેંકમાંથી ઉપાડી લાવી ડેરીના મકાનમાં રહેલી તીજોરીમાં મુકીને રાત્રે ૭.૩૦ વાગે ઘરે ગયા હતા. શનિવારે વહેલી સવારે આવીને ડેરીના મકાનના દરવાજાના તાળા તુટેલા જણાતા હાંફળા ફાંફળા બની બૂમાબૂમ કરતા કારોબારી સભ્યો અને ગ્રામજનો દોડી આવી જોતા મકાનમાં રહેલી તીજોરીમાં પર્સની અંદર મુકેલા ૨.૧૨ લાખ રૂપિયા ગાયબ થતા ચોરોએ લુંટ ચલાવી હોવાનું જણાતા સાથે સાથે સામે આવેલા શિવ આરાધના મંદિરને પણ નિશાન બનાવતા અર્બુદામાતાજીના મંદિરની દાનપેટી તોડી અંદર રહેલી રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલીસે મહેન્દ્રભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે ચોરી-લૂંટફાટનો ગુન્હો નોંધી ધરપકડ કરવા અને ચોરીની ઘટનાનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી હતી.

## ઊંઝા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પાંચ હજારની લાંચ લેતા એસીબીના છટકામાં

### કેસની પતાવટ કરવા પાંચ હજારની ઈંડાની લારીવાળા પાસે લાંચ માંગી હતી

ઊંઝા, તા. ૧૩

મહેસાણા જિલ્લાના ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક અનાર્મ હેડ કોન્સ્ટેબલ અત્રે હાઈવે પર ઈંડાની લારી ધરાવતા વ્યક્તિ વિરૂદ્ધ થયેલ અરજીની પતાવટ કરવા માટે રૂપિયા પાંચ હજારની લાંચ લેતા એસીબી દ્વારા ગોઠવાયેલ છટકામાં ઝડપાઈ ગયા હતા.

વિગત એવી છે કે ઊંઝા ખાતે રહેતા ભુપતભાઈ અંબાલાલ ભોઈ વિરૂદ્ધ પોલીસમાં અરજી થઈ હતી. જેની તપાસ ટાઉન જમાદાર કરતા હોઈ અરજીના કામે જામીન નહી લઈને પતાવટ કરવા બાબતે અનાર્મ હેડ કોન્સ્ટેબલ બિપીનભાઈ પશાભાઈ પરમારે રૂપિયા પાંચ હજારની માંગણી કરી હતી. જેથી ભોઈએ મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી ખાતાની કચેરીનો સંપર્ક કરીને સઘળી હકિકત જણાવતા એ.સી.બી.ના પો.ઈ. પરમારે સ્ટાફ સાથે સરકારી પંચોની હાજરીમાં આજે સવારે અત્રે હાઈવે પર પોલીસ ચોકી પાસેના ચીમનભાઈ માર્કેટ સામે લાંચ અંગે છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં અનાર્મ હેડ કોન્સ. બિપીનભાઈ પરમારે રાજ્ય સેવક તરીકે પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી લાંચની માંગણી કરી સ્વીકારતા ગોઠવાયેલ છટકામાં રંગેહાથે ઝડપાઈ ગયા હતા.

આ અંગે મહેસાણા એ.સી.બી.એ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## ભિલોડામાં વન વિભાગના કર્મચારીના મો માં ઝેરી પ્રવાહી નાખી છ ઈસમો નાસી છુટ્યા

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા-પહાડાના સીમ વિસ્તારમાં ગાડી ઉભી રખાવી નીચે ઉતરાતાં એક બીજાની મદદગારીથી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા કર્મચારીના મોમાં ઝેરી પ્રવાહી દવા નાખી નાસી જતાં આખાય પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા મળતી માહિતી મુજબ તા. ૧૧/૨/૦૧૬ ની સાંજે ૮ વાગ્યાના સુમારે ૬ જેટલા અજાણ્યા ઈસમોએ પુર્વ કાવતરૂ રચી ફરીયાદીને ગળદાપાટુનો માર મારી એક બીજાએ પકડી રાખી મોઢામાં ઝેરી પ્રવાહી નાખી દઈ નાસી જતાં ફરજ બજાવતા મું.ભુતાવડ, તા.ભિલોડાના રહીશ પ્રતાપભાઈ અર્જુનભાઈ ખરાડીને સારવાર અર્થે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયાનું જાણવા મળ્યું છે. આ બાબતે ભિલોડા પોલીસએ ધારા ધોરણની કાર્યવાહી કરી કલમ ૩૨૮/૩૩૨/૩૨૩/૩૪૩/૧૨૦-બી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ આરંભી છે.



બનાસકાંઠા જિલ્લાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ પાંથાવાડા ખાતે નવ નિર્મિત ઉત્તર ગુજરાત વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગણપતભાઈ જોષી, રમેશભાઈ ઘાડીયા, ઈશ્વરસિંહ સોલંકી, ડૉ. ગૌરવ દહીયા સહિતના અગ્રણીઓ કાર્યકરો અને સ્થાનિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પાલનપુરમાં ૨૧મીએ ચિત્ર મહોત્સવ યોજાશે

### જિલ્લાના હજારો છાત્રો ખુલ્લા આકાશ નીચે રંગોની દુનિયા સજાવશે

પાલનપુર, તા. ૧૩

પાલનપુરની એમ એ પરીખ ફાઈન આર્ટસ એન્ડ આર્ટસ કોલેજના ચિત્ર વિભાગ દ્વારા અમૃત વાણ અને પ્રેમ રાવલની યાદમાં જિલ્લાકક્ષાનો ચિત્રકળા મહોત્સવ યોજાનાર છે જેનું રજીસ્ટ્રેશન પાલનપુર જીડી મોદી કોલેજ સંકુલ ખાતે શરૂ થઈ ગયું છે.

જુદી જુદી ચાર કેટેગરી માટે યોજાનાર આ ચિત્ર કળા મહોત્સવમાં ભાગ લેનાર દરેકને કાગળ કલર પેન્સિલ રબર પીંછી સહીતની કીટ આપવામાં આવશે, સૌથી વધુ છાત્રો મોકલનાર સંસ્થાને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. દરેક કેટેગરીમાં પ્રથમ સ્થાન માટે ૫ હજાર, દ્વિતીય સ્થાન માટે ૪ હજાર, તૃતીય સ્થાન માટે ૩ હજાર અને સાત આશ્વાસન ઈનામ એક હજાર દીઠ આપવામાં આવશે. ઉપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ મહોત્સવમાં ભાગ લેનારે ૧૮ ફેબ્રુઆરી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. બાલમંદિરથી દસ ધોરણ સુધી ૫૦ રૂપિયા ધોરણ ૧૧ થી સ્નાતક સુધી માટે ૭૫ રૂપિયા જ્યારે ઓપન કેટેગરી માટે ૧૦૦ રૂપિયા રજીસ્ટ્રેશન પેટે રાખવામાં આવ્યા છે. આ અંગેની વિગતો આપતા કોલેજના આચાર્યશ્રી ડૉ. રમેશ પટેલે જણાવ્યું હતું કે આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૩૦ કલાકથી આ મહતોસવ શરૂ થી જશે જેમાં વધુને વધુ છાત્રો અને જિલ્લાના લોકો જોડાય તે અપેક્ષિત છે.

## ઉનાવા પોલીસ મથકમાં અપુરતા સ્ટાફને લીધે ગંભીર ગુનાઓના પ્રમાણમાં ધરખમ વધારો

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં ગુનાખોરીનો આંક દિનપ્રતિદિન વધતા તેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પડી છે. ગત ઓગષ્ટ માસમાં ઉનાવા આઉટ પોસ્ટને અપગ્રેડ કરીને સ્વતંત્ર પોલીસ સ્ટેશન બનાવવામાં આવેલ છે. આ નવિન પોલીસમથકમાં અપુરતા પોલીસ સ્ટાફ વચ્ચે ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધતુ જાય છે.

ઉનાવા નજીકના સુરજનગર ગામે સોમનાથ મહાદેવના મંદિરની દાન પેટીનું કોઈ તસ્કરોએ તાળુ તોડી અંદરથી વીસ હજારની રોકડ રકમ તથા મંદિરના સાઉન્ડ સીસ્ટમની પેન ડ્રાઈવની ઉઠાંતરી કરી હતી. આ ઉપરાંત ગામમાં જ આવેલ એક બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદરથી રૂપિયા પાંચ હજારની કિંમતની મત્તાના લોખંડના સામાનની ચોરી થઈ હતી.

જ્યારે અન્ય એક કિસ્સામાં ઊંઝા નજીક પાટણ રોડ પર આવેલ શીહી ગામેથી પસાર થયેલ એક રાજસ્થાનની માલ વાહક ટ્રકમાંથી કોઈ હરામખોરો એરંડા ભરેલ ૩૦ બોરીઓની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ પણ બન્યો હતો. ચોરાયેલ એરંડાની કિંમત રૂપિયા ૬૮.૨૫૦ની થવા જાય છે.

## ટડાવ ગામે રહેણાંક મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

પાલનપુર, તા. ૧૩

વાવ તાલુકાના ટડાવ ગામે પાલનપુર એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો છુપાવેલો જથ્થો ઝડપી પાડ્યો હતો અને આરોપીની ધડપકડ કરી તેના વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે. બાતમી મળી હતી કે ટડાવ ગામે રહેણાંક મકાનમાં એક ઈસમ દારૂનો જથ્થો છુપાવેલ છે. જે બાતમીના આધારે પોલીસે બાતમી સ્થળે દરોડા પાડી ૫૯ નંગ વિદેશી દારૂની બોટલ કિં. રૂ. ૫,૯૦૦નો જથ્થો જપ્ત કર્યો હતો અને આરોપી ઓખાભાઈ દરજી (ગામ ટડાવ)ની વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**સોનાસણમાં રામદેવપીરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો**

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના ક્ષત્રિય પરિવાર દ્વારા રામદેવ પીરની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કર્યું હતું. સોનાસણ ગામના પેટા પરામાં આવેલ સોનાસણમાં આવેલ રામદેવ પીરના મંદિરમાં બુધવારના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારે મૂર્તિની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમજ યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામલોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડાગામ ખાતે વીજ કંપનીના કર્મચારીઓ પર પથ્થરો વડે હૂમલો

શિહોરી, તા. ૧૩

કાંકરેજ તાલુકાના કેટલાક ગામડાઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા બીન અધિકૃત રીતે ચાલતા વીજ કનેક્શનનું ચેકીંગ હાથ ધર્યુ હતું. આ દરમિયાન વડાગામે વીજ કંપનીના કર્મચારીઓ પર ટોળા દ્વારા પથ્થરો વડે હૂમલો કરતા કારના કાચ તોડી નાખ્યા હતા. આ મામલે થરા પોલીસે ટોળા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત વીજ કંપનીના નાયબ કાર્યપાલક ઈજનેર મયુરકુમાર પટેલ અને વીજ બોર્ડના કર્મચારીઓ જિલ્લામાં ચાલતો વીજ ચોરી અટકાવવા માટે વિવિધ ગામોમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન વડાગામમાં ચેકીંગ હાથ ધરતા કેટલાક બિન અધિકૃત વીજ કનેક્શન હાથ લાગ્યા હતા. આ સમયે કર્મચારીઓએ કાર્યવાહી કરતા ઉશ્કેરાયેલા ગામના ટોળાએ વીજ કંપનીના કર્મચારી પર પથ્થર વડે હિંસક હૂમલો કર્યો હતો અને વીજ કંપનીની ગાડીના ભુક્કા બોલાવી દીધા હતા. આ મામલે થરા પોલીસે ટોળા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નવાગામ ભડવચની ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરાતા ફરિયાદ

ઈસરી, તા. ૧૩

મેઘરજ તાલુકાના નવાગામ ભડવચ ગામની ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરાતા ઈસરી પોલીસમાં ૨ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મેઘરજ તાલુકાના નવાગામ ભડવચ ગામની સગીરાને પહાડીયા ગામના પ્રવિણ બાબુ રોત ગત તા. ૨૬-૧૧-૨૦૧૫ના રોજ સગીરાના પિતા ઉના તાલુકાના સુંદરડી ગામે નોકરી કરે છે તેના માતા-પિતા બંને ત્યાં હતા તે દરમિયાન સગીરા તેમના મુળ વતન નવાગામ ભડવચ હતી. સગીરાને આરોપી નવાગામ ભડવચથી ભગાડી ગયો હતો. સગીરા ઘરેથી ૭૦ હજાર રૂપિયા રોકડા અને દોઢ-બે તોલાની ચેન લઈ ગઈ હતી.

સગીરાના પરિવાર દ્વારા તેની તપાસ કરતાં સગીરા પહાડીયા હોવાનું જાણવા મળ્યું હતું. સગીરાના પરિવારજનો તેને લેવા માટે ગયા હતા અને લઈને આવતા હતા તે દરમિયાન પ્રવિણ રસ્તામાં વચ્ચે આવી તેમને રોક્યા હતા. સગીરાની માતા દ્વારા પ્રવિણને સમજાવ્યો હતો અને યુવતિ સગીર હોવાનું પણ જણાવ્યું હતું. તેમ છતાં પ્રવિણ ત્યાંથી સગીરાને ભગાડી ગયો હતો.

આ અંગે સગીરની માતાએ ઈશરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઈસરી પોલીસે પ્રવિણ બાબુ રોત રહે. પહાડીયા પંચાલ અને તેને મદદ કરનાર કાન્તા દિનેશ મનાત રહે. નવાગામ ભડવચ વિરૂદ્ધ ફરિયાદ કલમ ૩૬૩, ૩૬૬ અને પોસ્કો એક્ટ ૮ અને ૧૨ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ડીસાના માલગઢ ગામની યુવતી પરના બળાત્કાર મામલે મુખ્ય આરોપીની ધરપકડ

ડીસા, તા. ૧૩

બનાસકાંઠાના ડીસા તાલુકાના માલગઢ ગામે રહેતી એક પરિણીતાએ ત્રણ માસ અગાઉ ડીસા તાલુકા પોલીસ મથક દફતરે પહોંચી જાહેર કર્યું હતું કે તેની સાથે ચાર યુવકોએ બળાત્કાર કર્યો છે. જે મામલે પ્રથમ પોલીસે એફ.આઈ.આર. દાખલ કરી હતી અને તપાસ હાથ ધરી હતી. જેમાં કોલ ડીટેલ આધારે પોલીસે તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં બહાર આવ્યું હતું કે આ કેસમાં અન્ય ૩ આરોપીઓ વિરૂદ્ધ બળાત્કારનો કોઈ પુરાવો નથી તો વળી, યુવતી જાતેજ તેના ટેલીફોન વાર્તાલાપથી બનેલા સુરતના ચોથા આરોપી મુસ્લિમ પ્રેમીને મળવા ગઈ હતી. જેથી પોલીસે પુરાવા આધારે સુરત ખાતે રહેતા પ્રમીની ધરપકડ કરી છે જેનાથી આ સમગ્ર કેસ ચકચારી બન્યો છે.

આ ચકચારી ઘટનાની વિગત જોઈએ તો ડીસા તાલુકાના માલગઢ ગામની પરિણીત અને એક પુત્રીની માતા એવી યુવતી ૨૪ ઓક્ટોબર-૨૦૧૫ના રોજ રહસ્યમય રીતે ગુમ થઈ હતી જે બાદ આ યુવતી ૨૬ નવેમ્બર-૨૦૧૬ના રોજ નવસારીથી મળી આવી હતી. જેને પરિવારજનો પરત ડીસા લાવ્યા હતા. જ્યાં પોતાના પરિવારજનો પાસે પહોંચી આ યુવતીએ જાહેર કર્યું હતું કે તેનુ ગત ૨૪ ઓક્ટોબરના રોજ ડીસા માલગઢ નજીકના મહાદેવપુરાના પાટીયા પાસેથી કેટલાક યુવકોએ કારમાં અપહરણ કર્યુ હતુ અને આ યુવકો મને બેહોશીની દવા આપી નવસારી લઈ ગયા હતા. આ તમામે મારી સાથે દુષ્કર્મ કર્યુ હતુ. પછી મને નવસારી તરછોડી દીધી હતી. તેવું જણાવતા પરિવારજનોએ આ મામલે પીડિતા સાથે થયેલા કહેવાતા બળાત્કાર મામલાની ચાર યુવકો મુકેશભાઈ ત્રીકમાજી માળી, રાજેશ સુર્તાજી માળી, સંદીપ તેમજ એક અન્ય યુવક સહીત ચાર વિરૂદ્ધ ગેંગરેપની ફરિયાદ નોંધી હતી.

જોકે ફરિયાદ નોંધ્યા બાદ તપાસ અમલદાર આર.કે. પાઠક અને ટીમે યુવતીના નિવેદન અને ફરિયાદ મુજબની તપાસ હાથ ધરતા સંદીપ સિવાયના આરોપીઓના લોકેશન ભિન્ન મળ્યા હતા. અને સંદીપ સિવાયના આરોપીઓની આ કેસમાં સીધી સંડોવણી હોવાના કોઈ પુરાવા મળ્યા ન હતા. તો વળી પોલીસે યુવતીના કોલ ડીટેલ કઢાવતા પોલીસ ચોકી ઉઠી હતી કેમકે યુવતીના અંદાજીત ૨૩૪ કોલ કોઈ એક જ વ્યક્તિ સુરત સાથે થયાના પુરાવા મળ્યા હતા. જેમાં ખુદ યુવતીએ કલાકો સુધી સામે વાળી વ્યક્તિ સાથે વાર્તાલાપ કર્યો હતો. યુવતીએ જાતેજ અંદાજીત ૧૯૭ જેટલા કોલ જાતેજ કર્યા હોવાનો પણ દસ્તાવેજી પુરાવાઓ મળતા આ સામેવાળી વ્યક્તિ કોણ છે ? તેની પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં સુરત ખાતે રહેતા મિલમાં મજુરી કામ કરતા મહમદ જાવેદ ઉર્ફે સંદીપ અબ્દુલ રહીમ આ યુવતી સાથે સતત ફોનથી જોડાયેલો હોવાનું ખુલ્યુ હતુ અને તે બાદની તપાસમાં આ યુવક પોલીસ હાથે ઝડપાયો હતો.